# શહેર-જિલ્લામાં એક પણ કેસ નહિ

## હવે માસ સેમ્પલીંગ નહિ પણ આઈએલઆઈ અને સારીના શંકાસ્પદ દર્દીઓને શોધી તેમનુ સેમ્પલીંગ કરાશે : જિલ્લાને રેડ ઝોનમાંથી બહાર લઈ આવવા તંત્રએ રોડમેપ તૈયાર કર્યો : ડિસ્ચાર્જ દર્દીઓનો ગ્રાફ પણ સુધરતાં તંત્રમાં રાહતની લાગણી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કોરોનાનો કેસ નોંધાયો ન હોવાથી તંત્ર અને લોકોએ રાહત અનુભવી છે.

જો કે તંત્ર દ્વારા હવે કોરોનાના સંદર્ભે સર્વેલન્સ સઘન કરવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત હવે કોરોના સંદર્ભે લેવાના થતા ટેસ્ટમાં પણ ઈન્ફલુએન્ઝા લાઈક ઈલનેશ અને ''સારી''ના શંકાસ્પદ દર્દીઓના જ કરાશે એવી પણ વિચારણા હાથ ધરી છે.

આ સેમ્પલોની ચકાસણી કરાશે તો કોરોનાના લક્ષણો હશે તો કેસ ઝડપથી મળી શકશે તેવુ તંત્રના સૂત્રોનું માનવુ છે.

આ સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્ય સરકાર દ્વારા પણ સઘન સર્વેલન્સ અને આઈએલઆઈ તેમજ સારીના કેસો શોધવા તેમજ તેમના સેમ્પલ લઈ ટેસ્ટ કરવામાં આવે તેવી સૂચનાઓ આપી છે. જોકે જિલ્લામાં જે માસ સેમ્પલીંગનો અભિગમ હતો તેના બદલે હવે બદલાયેલી સ્થિતિમાં કોરોનાના કેસ શોધવામાં આ નવી રણનીતિ વધુ અસરકારક સાબિત થશે તેમ રાજ્યકક્ષાએ પણ આરોગ્યતંત્રના સૂત્રો કહી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના ડિસ્ચાર્જ કરાયેલ દર્દીઓની ટકાવારીમાં પણ નોંધપાત્ર સુધારો થતાં હવે જિલ્લો રેડ ઝોનને બદલે ઝડપથી ઓરેન્જ ઝોનમાં જાય તે દિશામાં જરૂરી તમામ પગલાં લેવા તંત્ર સજ્જ બન્યુ છે. જિલ્લામાં હાલ લોકડાઉનનો કડક અમલ ચાલી રહ્યો છે. એમાં પણ ગાંધીનગર શહેર-તાલુકાના સરહદી ૧૩ જેટલા ગામોમાં અને કલોલ તાલુકામાં સંપૂર્ણ લોકડાઉન અમલી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ગાંધીનગર શહેર, કલોલ અર્બન તેમજ જિલ્લાના ૩૦ જેટલા ગામોમાંથી કોરોનાના કેસ મળી આવ્યા છે. જિલ્લામાં ચાર અર્બન એરિયા આવેલા છે તેમજ એક મહાનગરપાલિકા અને ૩૦૩ ગામોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કેસો ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. આ પછી કલોલ અને દહેગામ તાલુકો આવે છે. આ ત્રણેય તાલુકાના રોજીંદા જીવન-વ્યવહારો અમદાવાદ સાથે વધુ જોડાયેલા છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરમાં ૫૦ કેસ નોંધાયા છે.

આ જિલ્લામાં નોંધાયેલા તમામ કેસો એ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા છે તેમજ અમદાવાદ કનેકટેડ લોકોના વધુ હોવાનું તંત્રના સૂત્રોનું માનવુ છે જે ઉલ્લેખનીય છે.

આઈસીએમઆરની ગાઈડલાઈનમાં દર્દીના ડિસ્ચાર્જ અંગે કરાયેલ ફેરફાર પછી જિલ્લાના ડિસ્ચાર્જ દર્દીઓની ટકાવારીમાં પણ સારો એવો સુધારો નોંધાયો છે. તેથી હવે જિલ્લો ઝડપથી ઓરેન્જ ઝોનમાં જઈ શકે છે જો કે તંત્રએ આ દિશામાં ગતિ કરવા માટેનો રોડમેપ પણ તૈયાર કરી દીધો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિતો પ્રમાણે ક્વોરોન્ટાઈનમાં રહેલા લોકોની આકસ્મિક તપાસ કરવા માટે ખાસ અધિકારીઓની ટીમ પણ બનાવવામાં આવી છે એટલુ જ નહિ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી પણ આકસ્મિક ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરની મુલાકાત લઈ ત્યાંના લોકોની ખબર-અંતર પુછશે તેમજ વિડીયો કોલિંગ કરી અને ત્યાં લેવામાં આવી રહેલી કાળજી બાબતે ચકાસણી કરશે.

જિલ્લાતંત્ર દ્વારા સઘન સર્વેલન્સની સાથે સાથે આઈએલઆઈ અને સારીના શંકાસ્પદ કેસોના સેમ્પલ કોવિડ-૧૯ માટે લેવામાં પણ આવશે અને તેની ચકાસણી કરવામાં આવશે.

## કરિયાણા-શાકભાજી માટે ૧૫મીથી છુટછાટ આપવામાં આવે તેવા સંકેતો

ગાંધીનગર, તા. ૧૩

૧૫મી મે થી ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ કડક લોકડાઉનના અમલમાં થોડીક છુટછાટો આપવાની દિશામાં તંત્રએ સક્રિય વિચારણા હાથ ધરી છે અને કાલ સાંજ સુધીમાં આ અંગેની જાહેરાત સત્તાવાર થઈ શકે છે તેવા સંકેતો જિલ્લાતંત્રના સૂત્રોમાંથી મળી રહ્યા છે.

ગાંધીનગર શહેર, ગાંધીનગર તાલુકાના ૧૩ જેટલા સરહદી ગામો તેમજ કલોલ તાલુકામાં સખ્ત લોકડાઉનનો અમલ કરવાની ઘોષણા તંત્રએ કરી હતી. આ જાહેરાત પછી જિલ્લામાં કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવામાં મહદ્અંશે સફળતા મળી છે. જોકે વિવિધ સંગઠ્નો, સામાજિક આગેવાનો તેમજ આગેવાનો દ્વારા મળેલી રજુઆત પછી કરિયાણા અને શાકભાજી માટે છુટછાટ આપવા અંગેની વિચારણા તંત્ર દ્વારા ચાલી રહી છે.

આજે આ અંગે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે અમને રજુઆતો મળી છે અને તે અંગે જે કંઈ નિર્ણય લેવાનો થશે તે સાંજ સુધીમાં અમે જાહેર કરીશુ. આ નિર્ણય લેતાં પહેલાં પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે. આ પછી જ નિર્ણય કરવામાં આવશે.

તેમણે એવો સંકેત પણ આપ્યો હતો કે આ માટે કેટલીક શરતો લાગુ કરવી કે નહિ તે બાબતોને પણ ધ્યાને લેવામાં આવશે.

## જિલ્લામાં આજે વધુ ૮ દર્દીને ડિસ્ચાર્જ કરાયા

### હવે જિલ્લામાં ૮૪ કેસ એક્ટીવ છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનામાં સપડાયેલ દર્દીઓ પૈકી આજે વધુ ૮ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્રસચિવ સુશ્રી જયંતિ રવિએ આ વિગતો આપતાં જણાવ્યું છે કે ૧૨-૫-૨૦થી આજ સાંજે પાંચ વાગ્યા સુધીમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૮ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં ૫ પુરૂષ દર્દી અને ૩ સ્ત્રી થાય છે.

જિલ્લામાં નોંધાયેલા ૧૪૨ દર્દી પૈકી અત્યાર સુધીમાં ૫૩ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જેમાં શહેરી વિસ્તારના ૨૬ અને ગ્રામ્ય વિસ્તારના ૩૧ દર્દીઓનો સમાવેશ થતો હોવાનું જિલ્લાતંત્રના સૂત્રોએ કહ્યુ છે. જિલ્લામાં હાલ ૮૪ કેસ એક્ટીવ હોવાનું પણ સુશ્રી જયંતિ રવિએ જણાવ્યુ છે. જિલ્લામાં કોરોનાને કારણે અત્યાર સુધીમાં પાંચ વ્યક્તીના મૃત્યુ થયા છે.

## મંત્રીમંડળની સાતમી વિડીયો કોન્ફરન્સિંગ કેબિનેટ બેઠક

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકે પ્રધાનમંત્રીએ કોરોના વાયરસને પગલે લોકડાઉનની સ્થિતીમાંથી વેપાર-ઊદ્યોગ ધંધા-રોજગાર પૂનઃ વેગવંતા બનાવવા જાહેર કરેલા ૨૦ લાખ કરોડના રાહત પેકેજ અંગે આભાર વ્યકત કર્યો હતો. આ પેકેજની નાણા મંત્રી દ્વારા વિસ્તૃત જાહેરાત બાદ ગુજરાતમાં આ પેકેજનો લાભ વેપાર-ઊદ્યોગ રોજગાર સહિત નાના-મધ્યમ ઊદ્યોગો, છેવાડાના માનવીઓ અને જરૂરતમંદ વ્યકિતઓ સુધી ઝડપભેર પહોંચે તે અંગે પણ કેબિનેટ બેઠકમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યા હતા. આ પેકેજના રાજ્યમાં અમલીકરણ માટેની રણનીતિ નક્કી કરવાની દિશામાં પણ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ચર્ચા હાથ ધરાઈ હતી. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી તથા મંત્રીમંડળના

● અનુસંધાન પાન-૭ પર



'તુ અહીંયા રમવા આવ... મજાની ખિસકોલી, તુ દોડ તને દઉ દાવ મજાની ખિસકોલી...' સતત દોડતી, ઉછળતી, કૂદતી નાનકડી ખિસકોલી બાળકોને ખૂબ પ્યારી હોય છે. સતત ઉછળકૂદ કરતી ખિસકોલીને જોઈએ તો મન એકદમ પ્રફુલ્લીત થઈ જાય. હાલમાં ઉનાળો ચાલી રહ્યો છે અને ખૂબ ગરમી પડી રહી છે ત્યારે ખોરાક અને પાણીની શોધમાં આ નાનકડી ખિસકોલી છેક ઘરની અંદર આવી જાય છે. ઘરની અંદર આંટાફેરા કરતા પણ તે જરાય ઘબરાતી નથી. ખિસકોલી જેવા નાના અબોલ પશુ-પંખીઓ માટે આપણા આંગણા, આગાસી કે ગેલેરીમાં પાણીના કુંડા મુકીને કે તેમના માટે ખોરાકની વ્યવસ્થા કરી માનવતાનો ધર્મ તો ચોક્કસ અદા થઈ શકે.

## જિલ્લા પંચાયતની કચેરીઓ કામચલાઉ ધોરણે સહયોગ સંકુલમાં ખસેડાઈ

### ફાયરનો કર્મચારી પોઝીટીવ આવ્યા બાદ કન્ટેનમેન્ટ ઝોનમાં પંચાયત કચેરી સંકુલ આવતુ હતુ : સંકુલનું ફ્યુમીગેશન પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીએ કન્ટેનમેન્ટ ઝોનમાં આવતાં કામચલાઉ ધોરણે આખી કચેરી સહયોગ સંકુલમાં ખસેડવામાં આવી છે. આ સાથે જ સમગ્ર સંકુલનું પણ ફયુમીગેશન કરવાની સૂચના આરોગ્યતંત્રને જિલ્લા વિકાસ અધિકારીએ આપી છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલને અડીને જ ગાંધીનગર ફાયરસ્ટેશન અને ફાયર સ્ટેશનના કર્મયોગીઓના નિવાસસ્થાન છે. અહિ ફાયર સ્ટેશનનના એક કર્મયોગીને કોરોના પોઝીટીવ આવતાં આ વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવેલ છે.

કન્ટેનમેન્ટ ઝોન મનપા દ્વારા જાહેર કરાયેલ વિસ્તારમાં જિલ્લા પંચાયત સંકુલ તેમજ પંચાયત પરિષદ સહિતનો વિસ્તાર આવી જતાં જિલ્લા પંચાયતની કચેરીઓ ખસેડવાની જરૂરિયાત ઉભી થઈ છે. પંચાયતની વિવિધ કચેરીઓ હાલ ૧/૩ સ્ટાફના રોટેશન મુજબ

● અનુસંધાન પાન-૭ પર

### નવા કેસ ન આવતા હોય તેવા સેકટરોને

## કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુકત કરવા માટે રહીશોની માંગ

### શહેરના ૧૭ વિસ્તારો કન્ટેનમેન્ટ ઝોનમાં : આ ઝોનમાં લોકડાઉનનો કડક અમલ : નાગરિકોમાં રાહત મળે તેવી આશ

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગરમાં કોરોના વાયરસના કેસ દિનપ્રતિદનિ વધતા તંત્ર વધુ સજાગ બન્યુ છે. હાલ શહેરમાં કરિયાણા તેમજ શાકભાજીનુ વેચાણ પણ બંધ કરી દેવાયુ છે. શહેરમાં હાલ દુધ અને દવા સિવાય અન્ય કોઈપણ પ્રકારની ચીજવસ્તુઓનુ વેચાણ થતુ નથી. સેકટરો તેમજ આસપાસના વિસ્તારમાં પણ કોરોનાના નવા કેસો સામે આવતા કડક લોકડાઉનનો અમલ થઈ રહ્યો છે.

સેકટરોમાં પણ કડક લોકડાઉનના અંતે નાગરિકો ઘરની બહાર ન નિકળે તે માટે પોલીસ રાઉન્ડ લેતી નજરે પડે છે. જયારે કન્ટેનમેન્ટ ઝોનમાં લોકડાઉનના અમલ માટે વધુ કડક વલણ અપનાવાયુ છે. સેકટરોમાં એન્ટ્રી અને એકઝિટ માટે પોલીસ નાગરિકોના નામ નોંધીને યોગ્ય લાગે તો જ સેકટરની બહાર જવા દે છે. ગાંધીનગરના સેકટરોમાં કોરનાના કેસ નોંધાયા બાદ આ વિસ્તારોને કંટેન્મેન્ટ ઝોન જાહેર કરાયો છે. શહેરના ૧૭ જેટલા વિસ્તારોમાં ૪૪ હજારથી વધુ નાગરિકો કન્ટેનમેન્ટ ઝોનમાં છે. જેમાં સે-૨,૩, સે-૩ ન્યુ, સે-૫, સે-૭, સે-૮, સે-૧૨, સે-૧૩, સે-૧૭, સે-૨૨ સે-૨૩, સે-૨૪ સે-૨૯ સે-૩૦ને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરાયો છે. જયારે આ વિસ્તારમાં લોકડાઉનનો અમલ પણ કડક રીતે કરવામાં આવી રહ્યો છે. જયારે કન્ટેન્મેન્ટ ઝોનમાં નોંધાયેલા ૫૨ પૈકી ૨૬ કેસ રીકવર પણ થઈ ગયા છે. કન્ટેનમેન્ટ ઝોન કયારે ખુલશે તે અંગે નાગરિકોમાં પણ રોજબરોજ ચર્ચાઓ થઈ રહી છે.

ખાસ કરીને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા બાદ દાખલ દર્દીઓ સાજા થઈ જાય અને નવા કેસ ન આવે તે મુજબ ૨૮ દિવસના અંતે વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોનમાંથી મુકિત આપવામાં આવે છે. નાગરિકો જે વિસ્તારમાં નવા કેસ આવ્યા નથી ત્યાંથી તંત્ર કન્ટેનમેન્ટ ઝોન હટાવી લેશે તેની વાટે છે. બીજીતરફ કન્ટેનમેન્ટ ઝોન હટાવી લેવાય તેવી પણ માંગ ઉઠી રહી છે. સ્થાનિકો હવે સેકટરમાં કેદ થઈને અત્યંત કંટાળી ગયા છે.ત્યારે કન્ટેનમેન્ટ ઝોન પણ ૧૪ દિવસે હટાવી લેવાય તેવી માંગ ઉઠી રહી છે. મહીનાના અંત સુધીમાં જો કોઈ નવા કેસ નહીં આવે તો આ વિસ્તારોમાંથી કન્ટેનમેન્ટ ઝોન હટાવી લેવાય તેવી સંભાવના છે.



પગ થાક્યા પણ મન થાકતુ નથી. જીવન અવિરત ચાલ્યા કરે છે. સાથે પેટનો ખાડો પુરવાનો સંઘર્ષ પણ અવિરત ચાલ્યા કરે છે. આ સંઘર્ષ વ્યક્તિને પરિવારજનોથી દૂર લઈ જવા મજબૂર કરે છે. આર્થિક રીતે સક્ષમ બનવા વર્ષો સુધી પોતાના પરિવાર, પોતાના વતનથી દૂર રહેલા શ્રમિકોને કોરોનાકાળમાં વતન ઝુરાપો તિવ્રતાથી અનુભવાઈ રહ્યો છે. કામકાજ વિના નવરા બેઠેલા શ્રમિકો વતન જવા અધિરા બને તે સ્વાભાવિક છે. એટલા અધિરા કે તેઓ ચાલતા ચાલતા કેટલાય કીલોમીટર કાપી નાંકવા તૈયાર થઈ જાય છે. માથે ભલે આકરો ઉનાળો હોય પરંતુ ગમે તે ભોગે વતન જવુ જ છે. આવી તીવ્રતન લાગણી સાથે અમદાવાદથી ચાલતા પોતાના વતન જવા નીકળેલા આ શ્રમિકોને ચિલોડા ચોકડીએ અટકાવી દેવાયા છે. ચીલોડા બ્રીજ નીચે તેઓ ગરમીની બપોર પસાર કરી રહ્યા હતા. મોડી સાંજે મળતી માહિતી મુજબ વહીવટી તંત્રના ધ્યાન પર આવતા તમામ ૧૫૦ શ્રમિકોને કડી કેમ્પસની આશ્રય છાવણી ખાતે ખસેડાયા હતા.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


### દુઃખદ અવસાન



અમારા પરમ પૂજ્ય માતુશ્રી **સુશીલાબેન મોહનલાલ પરમારનું** અવસાન તા. ૧૧/૫/૨૦૨૦ને સોમવારના રોજ થયેલ છે. **પ્રભુ તેઓના આત્માને શાંતિ આપે...**

**હાલની કોરોના મહામારી અને લોકડાઉનની સ્થિતિને ધ્યાને રાખી લૌકિક ક્રિયા (બેસણું) બંધ રાખેલ છે.**

**સ્મિતા પ્રમોદ પરમાર** **રેખા અજીત પરમાર**
**પ્રમોદ મોહનલાલ પરમાર** **બિના અરવિંદ પરમાર**
**(મો. ૯૯૨૫૨૧૦૭૨૬)**


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com